# ભિલોડા તાલુકામાં મેહુલિયો મન મૂકીને વરસ્યો

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં મેહુલીયો મન મુંકીને ધીમી ધારે વરસ્યો હતો.ખેડુતોમાં અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.વાતાવરણમાં આહ્‌લાદક ઠંડક પ્રસરી હતી. ભિલોડામાં ઠેર-ઠેર હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. અસહ્ય કાદવ, કિચડ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે. સીમ વિસ્તારોમાં ખેતરોમાં લહેરાતા ખેતીના પાકો જેવા કે કપાસ, મગફળી, મકાઈ, તુવેર, અળદ, સોયાબીન સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. મેઘરાજાએ લાંબો વિરામ લેતાં ખેડુતો ચિંતીત હતા. ખેડુતો મેઘરાજાએ ચાતક નજરે રાહ જોઈ બેઠા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે ખરા સમયે સાર્વત્રીક મેઘમહેર મેઘરાજાએ કરતાં ખેડુતો હરખાયા હતા. હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતાં વાહનચાલકો અને રાહદારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. રહેણાંક વિસ્તારો સહિત વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ઠેર-ઠેર ભરાતાં પ્રજાજનો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં દર વર્ષે ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભરાય છે. ભરાયેલા ગંદા વરસાદી પાણીનો સત્વરે યોગ્ય નિકાલ થાય તેવી આશા પ્રજાજનો સેવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ, ઉકળાટ અને બફારાનું પ્રમાણ વધતાં પ્રજાજનો ત્રાહિમામ હતા પરંતુ સાર્વત્રીક મેઘમહેરના કારણે વાતાવરણમાં આહ્‌લાદક ઠંડક પ્રસરતાં પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. ભિલોડા તાલુકામાં સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન નદી, નાળા, વાંઘા, કોતરો, ચેકડેમોમાં અને માર્ગો ઉપર ઠેર-ઠેર વરસાદી પાણી વહેતા થઈ ગયા હતા.





## અરવલ્લી જિલ્લામાં ગજપતિ ચાલે મેઘરાજાની સવારી, સર્વત્ર ખુશીની લહેર

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ હેત વરસાવ્યું છે. સતત ત્રીજા દિવસે અરવલ્લી જીલ્લામાં મેઘરાજા ઝાપટા અને ઝરમર વરસાદી છાંટા પડતા મંગળવારે ધીમીધારે વરસાદ પડતા જીલ્લામાં મેઘરાજાની સવારી ગજપતિ ચાલ જોવા મળી રહી છે. જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોના માથે ઘેરાયેલા ચિંતાના વાદળો વેરાતા ભૂમિપુત્રોમાં આનંદ જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. અરવલ્લી જીલ્લાના જગતના તાતે ખેતરમાં મગફળી, કપાસ, મકાઈ, મગ પાકોનું આગોતરૂ વાવેતર કર્યું હતું. વરસાદ ખેંચાતા આગોતરૂ વાવેતર કરનાર ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી અને વરસાદ પણ ખેંચાતા વિમાસણમાં મુકાયા હતા. મેઘાએ શ્રાવણ માસમાં મહેર કરતા પાકને જીવતદાન મળી જતા ખેડૂતો હરખાયા છે. ઝરમરિયા વરસાદ પછી મંગળવારે સતત વરસતા વરસાદથી ખેતરોમાં ઉભો લીલોછમ પાક પણ જુમી ઉઠ્યો હોય તેવો નજારો જોવા મળ્યો હતો. જીલ્લામાં અવિરત મેઘમહેરથી ખેતરોમાં પાણી ભરાયા હતા. મોડાસામાં એક ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર ખાબોચિયા ભરાયા હતા. વાતાવરણમાં સતત વરસતા વરસાદથી શહેરીજનોએ આહલાદક અનુભૂતિનો અહેસાસ અનુભવ્યો હતો.



અરવલ્લી જિલ્લાના ધનસુરામાં વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે રોડ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદને પગલે ખેડૂતો ખુશીની લહેર જોવા મળી હતી.

## મહેસાણા ખાતે ૨૮મીએ દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાશે

ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દિલ્હી તથા સહાયક ઉત્પાદન કેન્દ્ર એલીમ્કો જબલપુર દ્વારા મહેસાણા જિલ્લામાં ધી દિવ્યાંગ સાધન સહાય માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આયોજનના અંતે દિવ્યાંગ લાભાર્થીઓને સાધન સહાય વિતરણ કાર્યક્રમ ૨૮ ઓગષ્ટના રોજ યોજાનાર છે. જેમાં ટ્રાઈસિકલ, વ્હીલચેર, કાખઘોડી, કાનનું મશીન, બ્લાઈન્ડ ફોલ્ડીંગ સ્ટીક, એમ.એસ.આઈ.ડી કીટ, કુત્રિમ અંગો, કેલીપર્સ જેવા સાધનોનું વિતરણ કરવામાં આવનાર છે. મહેસાણા જિલ્લામાં મહેસાણા તાલુકામાં ૫૯૩, વિસનગર તાલુકામાં ૩૫૨, વડનગર તાલુકામાં ૩૪૪, કડી તાલુકામાં ૪૬૫, બેચરાજી તાલુકામાં ૨૬૭, ઉંઝા તાલુકામાં ૩૮૮, માણસા તાલુકામાં ૩૮૨ મળી કુલ સંસદીય વિસ્તારમાં ૨૭૯૧ લાભાર્થીઓને વિવિધ સાધન સહાય મળનાર છે. ૨૮ ઓગષ્ટને મંગળવારના રોજ દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન કરાયુ છે. મહેસાણા જિલ્લામાં મહેસાણા ડો.બી.આર. આંબેડકર સ્ટેડિયમ ઓ.એન.જી.સી પાલાવાસણા ખાતે કાર્યક્રમ યોજાવાનો છે.

## જાયન્ટ્સ માલપુર દ્વારા રાજેન્દ્રનગર સહયોગ કૃષ્ઠ યજ્ઞ આશ્રમમાં ભોજન સેવા અને સોની દંપતીનું સન્માન

મોડાસા, તા. ૨૧

જાયન્ટ્સ પીપલ ફાઉન્ડેશનના જાયન્ટ્સ માલપુર દ્વારા સેવા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ રાજેન્દ્રનગર ચોકડી પર આવેલા સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ સંચાલિત આશ્રમમાં વિવિધ રોગથી પીડાતા દિવ્યાંગો રક્તપિતના દર્દીઓ, માનસિક વિકલાંગ અને વિવિધ જટિલ રોગોથી પીડાતા અને ગંભીર રોગમાં સપડાયેલા એવા એક હજારથી વધુ અબાલ વૃદ્ધ દર્દીઓને ભોજન પીરસવામાં આવ્યું હતું. દરિદ્રનારાયણની સેવા કરવાની



અનોખી પહેલ કરનાર ધૂણી ધખાવનાર અને સેવા યજ્ઞ ચલાવી રહેલા સેવાના પર્યાય એવા સુરેશભાઈ સોની તેમના ધર્મપત્ની ઈન્દિરાબેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા અરવલ્લીના પૂર્વ સાંસદ અને સામાજિક સેવાઓ સાથે જોડાયેલા ડૉક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણનું પણ સન્માન કરવામાં આવ્યું. સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટમાં સેવા સન્માન અને સહકારના કાર્યક્રમમાં માલપુર જાયન્ટ્સના પ્રમુખ હાલાજી વણઝારા, જાયન્ટ્સના સુરેન્દ્રસિંહ રાઠોડ, વિઠ્ઠલભાઈ પટેલ સહીત માલપુરની બહેનો, જાયન્ટ્સ પીપલ ફાઉન્ડેશનના ચેરમેન નિલેશભાઈ જોશી (જીવદયા પ્રેમી), ઝોન પ્રમુખ હિતેન્દ્રભાઈ મોદી, ઝોન સેક્રેટરી ભરતભાઈ ગાંધી, ઝોન કાઉન્સિલર (મીડિયા)ના રાકેશભાઈ પટેલ અને ઝોન કાઉન્સિલર (પ્રોગ્રામ-પ્લાનિંગ) કનુભાઈ પ્રજાપતિ, અમિત કવિ ઉપસ્થિત રહ્યા હતા. ફાઉન્ડેશન વાઈસ ચેરમેન નીલેશભાઈ જોષીની ઉપસ્થિતિમાં ગ્રુપ હોદ્દેદારો સાથે સઘન ચર્ચા કરી હતી અને ગરીબ, જરૂરિયાતમંદ લોકોની શક્ય એટલી વધુ સેવા કરવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ આશ્રમની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી.

## ધનસુરાના રાજપુર ગામ નજીકથી શ્રાવણીઓ જુગાર રમતા પાંચ શકુનિઓ ઝડપાયા

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં જુગાર અને દારૂબંધી અટકાવવામાં પોલીસતંત્ર મહદઅંશે સફળ રહ્યું છે. જીલ્લામાં ખુલ્લેઆમ ચાલતા વરલી મટકા અને જુગારધામોના સંચાલકોએ હાલ પૂરતા શટર પાડી દીધા છે. અરવલ્લી જીલ્લામાં બિલાડીના ટોપની જેમ શ્રાવણ મહિનામાં શ્રાવણીઓ જુગાર રમાડતા લોકો જીલ્લા પોલીસવડા મયુર પાટીલની કાર્યશૈલીના પગલે સુસુપ્ત અવસ્થામાં ગરકાવ થઈ ગયા છે. ધનસુરા પોલીસ બાતમી આધારે વડાગામ નજીક રાજપુર ગામની સીમમાં ખુલ્લા ખેતર નજીક બાવળની ઝાડીમાં જુગાર રમતા ૫ શકુનિઓને ઝડપી પાડી રૂ.૧૩૦૨૦નો મુદ્દામાલ જપ્ત કરી જુગારીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.



ધનસુરા તાલુકામાં વરલી-મટકા અને જુગારમાં યુવાધન અને કેટલાય પરિવારો બરબાદીના કગાર પર આવીને ઉભા છે. ધનસુરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વ્યાસે બાતમીના આધારે રાજપુર ગામની સીમમાં બાવળની ઝાડીઓમાં જુગાર રમતા ગોવિંદ મોહન કોટવાળ, રાજેશ પ્રતાપ પરમાર, ભાવેશ દિનેશ પરમાર, નિમેષ સોમા પટેલ, અજય નરસિંહ પરમાર (તમામ રહે. રાજપુર-વડાગામ)ને ગેરકાયદેસર હાર-જીતની બાજી લગાવી પૈસા પાનાનો જુગાર રમતા દબોચી લઈ જુગારમાં દાવ પર લગાવેલી રકમ રૂ.૧૦૦૨૦ તથા મોબાઈલ નંગ-૫ કિં. રૂ.૩૦૦૦ તથા પત્તા કબ્જે લઈ કુલ રૂ.૧૩૦૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા ઈસમો સામે જુગારધારા કલમ-૧૨ મુજબ ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ડીસાના હોદ્દેદારોની વરણી




રોટરી ક્લબ ડીસા ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ડીસાની સાધારણ સભા મળેલી. તેમાં સ્થાપક, પ્રમુખ તેમજ પૂર્વ પ્રમુખો તેમજ સભ્યો તેમજ તમામ સભાસદોની હાજરીમાં સાધારણ સભા મળેલી. તેમાં અગાઉના વર્ષોના કાર્યોને બહાલી આપી હતી. સાધારણ સભામાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ત્રણ વર્ષ સુધી નવિન હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે અરૂણભાઈ કડેલ, સેક્રેટરી તરીકે બળદેવભાઈ રાયકા, ઉપપ્રમુખ અશ્વિનભાઈ, ખજાનચી સુરેશભાઈની સર્વસંમતીથી વરણી થતા તમામ લોકોએ અભિનંદન આપ્યા હતા.



પ્રાંતિજ તથા તાલુકામાં મેઘરાજાની પધરામણી



### સવારથી જ ધીમી ધારે શરૂ થયેલ વરસાદથી ખેડૂતો સહિત લોકોમાં આનંદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજા ની પધરામણી થઈ હતી તો ધીમીધારે શરૂ થયેલ વરસાદ સાંજે પીકપ પકડી હતી. ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા દુષ્કાળ ના ડાકલા વાગ્યા હતાં તો સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ વરસાદ ને લઈને ગામડાઓમાં રામધૂન , ઢુંઢીયા બાપજી નો વરઘોડા તાલુકામાં આવેલ ગામોમાં ગામજનો દ્વારા કાઢવામાં આવ્યા હતાં તો સવાર થી ધીમીધારે શરૂ થયેલ વરસાદે સાંજ ના પાંચ વાગ્યાં પછી પીકપ પકડી હતી તો મેઘરાજા ની પધરામણી થતાં ખેડૂતો સહિત પંથક ના લોકો મા ખુશી જોવા મળી હતી તો ખેતી નો મુર્જાતા પાક ને જીવન દાન મલ્યુ છે.

# મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેન પદે આશાબેન ઠાકોર

## વિપુલ ચૌધરી જુથનો દબદબો યથાવત રહ્યો

મહેસાણા, તા. ૨૧

મહેસાણા દૂધસાગર ડેરીના હોદ્દેદારોની આજે ભારે ઉત્સુકતા વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. જેમાં જાહેર થયેલા પરિણામોના અંતે વિપુલ ચૌધરીના જૂથે ડેરીમાં પોતાનો કબજો જાળવી રાખ્યો છે. ચેરમેન તરીકે આશાબેન ઠાકોર અને વાઈસ ચેરમેન તરીકે મૌઘજીભાઈ ચૌધરી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે.

ધી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની વ્યવસ્થાપક સમિતિના બીજા ટર્મ માટે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીએ દૂધ ઉત્પાદકોમાં ઉત્સુકતા જગાવી હતી. હાઈકોર્ટના ઓબ્ઝર્વરની હાજરીમાં મંગળવારે મહેસાણા દૂધ સાગર ડેરીના હોલમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે થયેલા મતદાનના અંતે જાહેર કરવામાં આવેલા પરિણામોમાં ડેરીના ચેરમેન તરીકે વિપુલ ચૌધરી જૂથના આશાબેન મહિપાલસિંહ ઠાકોર તેમના પ્રતિસ્પર્ધિ અશોક ચૌધરીને ૮ વિરૂદ્ધ ૧૨ મતે પરાજિત કરી ચૂંટાઈ આવ્યા હતા. જયારે વાઈસ ચેરમેન તરીકે મોંઘજીભાઈ ચૌધરી તેમના પ્રતિસ્પર્ધિ ઉમેદવાર રાયમલભાઈને ૭ વિરૂદ્ધ ૧૩ મતે હરાવી વિજેતા બન્યા હતા. વિજેતા બનેલા ડેરીના ચેરમેન અને વીસ ચેરમેનને પૂર્વ ચેરમેન વિપુલભાઈ ચૌધરીએ શુભેચ્છાઓ પાઠવી હતી.



# પ્રાંતિજ તથા તાલુકામાં મા દશામાની મૂર્તિઓનું વાજતે-ગાજતે વિસર્જન

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના દસ દિવસના વ્રત બાદ છેલ્લા દિવસે જાગરણ કરી વાજતેગાજતે મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન પ્રાંતિજ સહિત તાલુકામાં ઠેરઠેર કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રત કરતી મહિલાઓ દ્વારા મા દશામાની મૂર્તિનું દસ દિવસ માટે પોતાના ઘરે સ્થાપન કરી દસ દિવસ ઉપવાસ કરી સવાર-સાંજ માની આરતી ઉતારી માને ભાવતા ભોજન સહિત પ્રસાદ અર્પણ કરી માને રીઝવતા હોય છે અને માંના આશીર્વાદ લેતા હોય છે જયારે દશમાં દિવસે આખી રાત જાગરણ કરી વહેલી સવારે મા દશામાની મૂર્તિનું તળાવ કે નદીમાં પધરામણી કરી વ્રતનું સમાપન કરે છે. ત્યારે પ્રાંતિજ સહિત પંથકમાં ઠેરઠેર તળાવ બોખ નદીમાં મા દશામાની મૂર્તિ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં પ્રાંતિજ ખાતે પણ મા દશામાના મંદિર પાસે આવેલ બોખમાં મા દશામાની મૂર્તિઓની પધરામણી કરવામાં આવી હતી. જયારે મંદિરના વિશાળ ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી. જયારે મા દશામાના મંદિરના વ્યવસ્થા સ્થાપક નિત્યાનંદભાઈ દ્વારા મૂર્તિ વિસર્જન માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા પણ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

